નોબત સંગત

તમારી વાતમાં રસ જ ન હોય તેની સાથે વાતચીત કરવાનું ટાળવું જોઈએ...

વાણી અને પાણી સમજી-વિચારીને વાપરો... પાણી અને શબ્દોની સરવાણી સમજીને વહાવો...

મારા એક સંબંધી છે, તેઓ ઘણી વખત કેટલીક વાતો બે-ત્રણ વખત દોહરાવે. એકની એક વાત બે-ત્રણ વાર સાંભળીને ઘણાં મિત્રો તેને ઈગ્નોર કરે અથવા તેની વાતોને ગંભીરતાથી સાંભળે જ નહીં. આવું થાય ત્યારે 'વાતોડિયા' કે બોલ-બોલ કરતા રહેતા વ્યક્તિ તરીકેનો બંધાયેલો પૂર્વગ્રહ સાંભળનાર માટે હાનિકર્તા પણ નીવડી શકે છે, કારણ કે ક્યારેક પોતાના ફાયદાની અથવા અગત્યની વાત કાળજીથી સંભળાય નહીં, તો બોલનાર તો છૂટી જાય, પરંતુ સાંભળનારને તદ્વિષયક નુકસાન કે વિપરીત અસરો ભોગવવાનો વારો આવી જાય.

એનાથી વિપરીત, દરેક વાત બે-ત્રણ વખત બોલનાર વ્યક્તિ માટે પણ તેની એ આદત જ ક્યારેક પગ પર કૂહાડો મારવા જેવી બની જાય, કારણ કે તેની બોલકાપણાંની છાપના કારણે મોટાભાગના લોકો તેની વાતને ગંભીરતાથી સાંભળતા જ હોતા નથી, તેથી ઘણી વખત મહત્વની વાત જ સામેવાળાના (મગજની) ઉપરથી જાય અને તેનું નુકસાન કે પરિણામો બોલનારને ભોગવવાનો વારો આવે.

સાંભળવા અને બોલવાની કલા

સાંભળવું એ જેવી રીતે કલા છે, તેવી જ રીતે બોલવું એ પણ એક કલા છે. જય વસાવડા જેવા વક્તાઓ અસ્ખલિત રીતે બોલતા જાય અને સાંભળવા ગમે. તેઓ ભલે વિષયાંતર કરે, ક્યાંકથી શરૂ કરે અને ક્યાંક પૂરું કરે, વાતા-વાતમાં આખી દુનિયાની સફર કરાવે, પરંતુ 'બોલવા'ની કલા અને કૌશલ્યના કારણે આપણે ઘણાં વક્તાઓને ધ્યાનથી સાંભળતા હોઈએ છીએ. પ્રખર વક્તાઓ ટાર્ગેટ ઓડિયન્સને અનુરૂપ જ પ્રવચનો આપતા હોય છે, અને વ્યાખ્યાનો પ્રસ્તુત કરતા હોય છે. ડોંગરેજી મહારાજ, મોરારિબાપુ, રમેશભાઈ ઓઝાથી લઈને જીગ્નેશ દાદા સુધીના કથાકારો તથા ધીરેન્દ્ર શાસ્ત્રીજી સહિતના યુવા ધર્માચાર્યોની વાણીનો પ્રવાહ અસ્ખલિત વહેતો હોવા છતાં તે સાંભળવો શ્રોતાઓને ગમે છે. મોટીવેશનથી લઈને બ્રેઈન વોશીંગ સુધીના ઉદ્દેશ્યો માટે અપાતી કર્ણપ્રિય અને બહુહેતુક સ્પીચો આપતા અદ્દભુત લોકોના નામો પણ રજૂ થઈ શકે છે, તેવી વક્તાઓની વાણીમાંથી કેટલું ગ્રહણ કરવું, કેટલું વિચારીને અનુસરવું અને કેટલું છોડી દેવું, તેનું કૌશલ્ય શ્રોતાઓએ પણ કેળવવું જ પડે, ખરૂં ને?

મુદ્દાની વાત ભૂલાય નહીં હોં...

તાજેતરમાં જ મને એક મિત્રનો ફોન આવ્યો. તેમણે ખબર-અંતર પૂછ્યા અને પોતે જે હેતુ માટે ફોન કર્યો હતો, તે જણાવ્યું. મેં તેનો ત્વરીત પ્રત્યુત્તર આપ્યો અને તેમણે તેમાંથી ઉદ્ભવતા પેટાપ્રશ્નો પૂછ્યા, જેના મેં મુદ્દાસર જવાબ આપ્યા, થેંક્યું અને ધેટ ઈઝ ઓર રાઈટ કહેવાની સાથે જ ફોન બે-અઢી મિનિટમાં પૂરો થઈ ગયો. મને આશ્ચર્ય પણ થયું અને પછી ચિંતા પણ થઈ, કારણ કે આ મિત્રનો જ્યારે જ્યારે ફોન આવ્યો, ત્યારે ત્યારે દસ-પંદર મિનિટ ચાલતો. તેની વાતચીત લાંબી ચાલતી અને તેમણે જે હેતુ માટે ફોન કર્યો હોય, તે વાત જ છેક છેલ્લે આવતી. ઘણી વખત તો મારે બીજા કોઈનો ફોન આવતો હોય, ત્યારે તેને 'સોરી, થોડી વારમાં ફરીથી ફોન કરૂં છું, મારે બીજો કોલ આવે છે' તેવું કહીને ફોન ડિસ્કનેક્ટ કરવો પડતો. ઘણી વખત તો આખી વાત પૂરી થયા પછી તેનો ફરી ફોન આવતો, અને તે કહેતો કે 'મહત્વની વાત તો કરવાની જ રહી ગઈ...' અને તે ફરીથી કામની વાત રજૂ કરતો અને મૂળ વાત સંપન્ન થયા પછી પણ તે આડી વાતે ચડી જાય, તો મારે મૂળ વાત પર લાવવો પડતો.

એ પછી કોરોનાકાળ આવ્યો ત્યારે તો તેનો 'ટાઈમ પાસ' કરવા માટે ઘણો જ ઉપયોગ થયો હતો. બધા મિત્રો તેને ફોન કરતા રહેતા હતાં અને બધા પાસે લાંબી લાંબી વાતો કરવાનો સમય રહેતો હતો.

કોરોનાકાળ વીતી ગયા પછી મારા એ મિત્ર તો સંપર્ક વિહોણો જ થઈ ગયો હતો, અને વાર-તહેવારે મેસેજીંગથી શુભેચ્છા પાઠવતો હતો, પરંતુ જ્યારે ફોન ઘણાં જ સમયે આવ્યો, ત્યારે મારી માનસિકતા લાંબી વાત કરવાની હતી, પરંતુ મારી માનસિક તૈયારી છતાં તેમણે ટૂંકી અને મુદ્દાસર વાત કરી, તેથી મને એક તરફ તો તેનામાં આવેલો આ બદલાવ ગમ્યો, પરંતુ ચિંતા એ વાતની થઈ કે આજે તેમણે જે રીતે સંક્ષિપ્ત વાત કરી, તે જોતા તે કોઈ મોટી તકલીફમાં કે ટેન્શનમાં તો નહીં હોય ને?

તે પછી મેં તેને નિરાંતે ફોન કરીને ખબર-અંતર પૂછ્યા, તો તે બરાબર જવાબ આપી શક્યો નહીં, તેથી મેં તેને રૂબરૂ મળવાનું નક્કી કર્યું, અને એક પારિવારિક પ્રસંગે તે રૂબરૂ મળ્યો ત્યારે મેં તેને ખૂણામાં લઈ જઈને આ બદલાવનું કારણ પૂછ્યું.

તે પછી તેમણે જે કાંઈ કહ્યું અને પોતાને લાંબી વાત કરવાની, નિરર્થક ટેલિફોનિક ટોકીંગ કરવાની તથા બિનજરૂરી રીતે વાત લંબાવવાની આદત, કઈ વ્યક્તિ સાથે કેવી રીતે ટેલિફોનિક વાત કરવી, તેનું અજ્ઞાન તથા સામેની વ્યક્તિને સ્નાન-સૂતકનો યે સંબંધ ન હોય, તેવી વાતો કરવાની તેમની ટેવના ગેરફાયદા વર્ણવ્યા, તે તેની અંગત બાબતો હોઈ, અહીં રજૂ થઈ શકે તેમ નથી, પરંતુ એટલું કહી શકાય કે તે પછી તેમણે મોટીવેશનર (નોન-પ્રોફેશનલ) મિત્રની સલાહ પછી ટેલિફોન ટોકીંગની કલા શિખી લીધી અને સફળતાપૂર્વક અમલમાં પણ મૂકી દીધી હતી.

ટેલિફોન ટોકીંગ સ્કીલ

ટેલિફોન ટોકીંગ દરમિયાન સૌ પ્રથમ તો સામેની વ્યક્તિનો હોદ્દો, તેમની વ્યસ્તતા, તેમની ઉંમર, આપણો તેની સાથેનો સંબંધ અને પારંપારિક કે પારિવારિક વ્યવહાર અને આપણે જે હેતુ માટે ફોન કર્યો હોય, તેની પ્રસ્તુતિને ધ્યાનમાં રાખવી પડે, અને ફોનની શરૂઆત હંમેશાં હળવો, હાય, કેમ છો? ઘરના બધા મજામાં ને? વગેરે શબ્દોથી સામાન્ય રીતે થઈ શકે, અને આ ટૂંકી ફોર્માલિટી પછી જ તરત જ મુખ્ય મુદ્દાની વાતચીત કરી અને તે પછી બન્ને ટોકરફનો અનુકૂળતા મુજબ બીજી વાતચીત પણ થઈ શકે, પરંતુ તે બોરીંગ ન હોવી જોઈએ. ઉચ્ચ અધિકારી, વકીલ, હોદ્દેદાર, લબ્ધ પ્રતિષ્ઠિત વ્યક્તિ કે મહાનુભાવો સાથે વાતચીત કરતી વખતે હળવા ટોન (સ્વરમાં) નમસ્કાર, ગુડ મોર્નિંગ, ગુડ ઈવનીંગ કે નમસ્તે, સલામ વગેરે બોલ્યા પછી મુદ્દાસર, પરંતુ ધીરજપૂર્વક, હળવા સ્વરે વાતચીત કરવાનું કૌશલ્ય પણ કેળવવું પડે.

પડ્યા પછી અન્ય મહત્વના કામો કરવાના રહી જવા અથવા વાતનું વતેસર થઈ જાય જેવા ગેરફાયદા પણ થતા હોય છે, ખરૂં કે નહીં?

પ્રત્યક્ષ વીડિયો કોલીંગમાં વાતચીત

ટેલિફોન ટોકીંગની જેમ જ પ્રત્યક્ષ વાતચીતમાં પણ વિશેષ ધ્યાન રાખવું પડે. પ્રત્યક્ષ એટલે કે રૂબરૂ અથવા વીડિયો કોલીંગ કે વીડિયો કોન્ફરન્સીંગ દરમિયાનના શબ્દો, ઉચ્ચાર, સ્વર ઉપરાંત હાવભાવનું પણ ધ્યાન રાખવું પડતું હોય છે. પ્રસંગને અનુરૂપ વાતચીત કરવી એ પણ એક કૌશલ્ય છે.

ઘણાં લોકો કોઈ ગંભીર રીતે બીમાર વ્યક્તિની ખબર પૂછવા જાય, કે ફોન કરે, ત્યારે ટૂંકી વાત કરે, હિંમત આપે અને આ પ્રકારના દર્દીઓ સારવાર પછી સાજા થઈ ગયા હોય તેના દૃષ્ટાંતો આપે, જે ઉપયોગી નિવડી શકે, પરંતુ કેટલાક લોકો તો આ પ્રકારના ગંભીર રોગોની પોતાની કે પોતાના સગા-સંબંધીએ વેઠેલી વેદના, કોઈ સ્વજનને થયેલી હેરાનગતિ કે આ પ્રકારની બીમારીમાં થયેલા સ્વજનના મૃત્યુની વાતો કરવા લાગતા હોય છે. તે તદ્દન અપ્રાસંગિક અને અયોગ્ય જ કહેવાય. ક્યા પ્રસંગે કઈ વાત કરવી, અને કેવા હાવભાવ રાખવા, તે પણ એક વ્યવહારિક કૌશલ્ય જ છે, જે કેળવવું જોઈએ ને?

વાતચીત કરતી વખતે યાદ રાખો...

તમારી વાતમાં રસ જ ન હોય, તેવી વ્યક્તિ સાથે લાંબી વાતચીત કરવાનું ટાળવું જોઈએ. ઘણી વખત અસ્ખલિત થતી વાતચીત સાંભળતી વ્યક્તિ તેને અટકાવવા આડું-અવળું જોવા લાગે, પ્રતિભાવ કે હોંકારો ન આપે કે બેધ્યાનપણે આવે અને વચ્ચે મોબાઈલ ફોન, ટી.વી. કે અખબારમાં ધ્યાન આપવા લાગે, છતાં પોતાની વાત (કથા) પૂરી જ કરવી હોય, તેમ બોલનાર વ્યક્તિ બોલ્યા જ કરે છે, તે ઘણાંએ જોયું હશે. હકીકતે આપણી વાતમાં રસ જ ન લેતી હોય, તેવી વ્યક્તિ સાથે લાંબી વાતચીત કરવાનું ટાળવું જોઈએ, અને કામની વાત કરીને અટકી જવું જોઈએ.

જેવી રીતે જળ એ જ જીવન છે, તેવી જ રીતે વાણી પણ અમૂલ્ય છે, તેથી એક મચલિત કહેવત છે કે વાણી અને પાણી વિચારીને વાપરો. પાણીની જેમ જ વાણીનો વેડફાટ ન કરો. બિનજરૂરી બકવાસ કરતા રહેવું, અને જરૂર હોય ત્યાં બોલવાના બદલે ચૂપ રહેવું એ જીવનની ગંભીર ભૂલ જ ગણાય, ખરૂં કે નહીં?

અનલિમિટેડ સુવિધાની ફલશ્રુતિ?

ટેલિફોન પર વાતચીત કરવાની કળાને ટેલિફોન ટોકીંગ સ્કીલ પણ કહેવાય છે. થોડા દાયકાઓ પહેલા ટેલિફોનની લેન્ડલાઈન વ્યવસ્થામાં લોકલ કોલ જ ડાયરેક્ટ ડાયલીંગથી થતા અને ચકરડા ઘુમાવવા પડતા. તે પછી નંબરીંગ સ્વીચોવાળા ટેલિફોન (ડબલા) આવ્યા. તે દરમિયાન લાંબા અંતરના કોલ (બહારગામ ફોન કરવા માટે) બુકીંગ કરાવવું પડતું, જેનો મર્યાદિત સમય રહેતો, એટલે કે ત્રણ મિનિટ વાતચીત થયા પછી ફોન જ કટ થઈ જાય અને ફરીથી બુક કરાવવો પડે. તે માટે ફરીથી કલાકો સુધી રાહ જોવી પડે અને લાગ્યા પછી ત્રણ જ મિનિટ વાત થાય. મોબાઈલ સેલફોનમાં પણ પ્રારંભમાં લિમિટેડ જ વાત થઈ શકતી હતી, કારણ કે મિનિટ મુજબ ચાર્જ ચૂકવવો પડતો હતો. હવે ટેલિફોન ટોકીંગ સરળ અને હથેળીમાં ઉપલબ્ધ બન્યું છે અને રિચાર્જ કરાવતા જ અનલિમિટેડ ટોકટાઈમ ઉપલબ્ધ થઈ જાય છે. જે લાંબી ટેલિફોનિક વાતચીતની સુવિધા પૂરી પાડે છે.

અનલિમિટેડ ટેલિફોન ટોકીંગની સુવિધાના કારણે કોઈ મુસદ્દાનું વાચન કરવું હોય, ડ્રાફ્ટમાં કરેક્શન કરવું હોય, મંગલ પ્રસંગ કે ટુર પ્રોગ્રામનું આયોજન કરવું હોય કે ગંભીર અને બીમાર વ્યક્તિની સારવાર કે શસ્ત્રક્રિયા દરમિયાન નિષ્ણાત તબીબ કે સર્જનનું ઓનલાઈન ગાઈડન્સ મેળવવું હોય, તે ઘણું સરળ અને ઝડપી બની ગયું છે, જ્યારે આ સુવિધાની સિક્કાની બીજી બાજુ એ પણ છે કે નિરર્થક, બિનજરૂરી અને માત્ર ટાઈમ પાસ કરવા માટે તેનો ઉપયોગ થઈ રહ્યો છે, જેને દુરૂપયોગ કર્યો તો ન કહેવાય, પરંતુ આ ટેવ

વિનોદ કોટેચા

મન હોય તો માળવે જવાય

૧૭ નવેમ્બરઃ આંતરરાષ્ટ્રીય છાત્ર દિવસ

દર વર્ષે ૧૭ નવેમ્બરે આંતરરાષ્ટ્રીય છાત્ર દિવસ અથવા ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ ડે ઉજવાય છે. બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન ૧૭ નવેમ્બર ૧૯૩૯ માં નાઝિયોએ પ્રાગ વિશ્વ વિદ્યાલય પર હુમલો કર્યો હતો, અને વિદ્યાર્થીઓ પર કોઈ ખટલો ચલાવ્યા વિના પ્રતાડિત કરાયા હતા. એટલું જ નહીં, તેઓનો સામૂહિક સંહાર પણ કરવામાં આવ્યો હતો. આ વિદ્યાર્થીઓમાંથી બચી ગયેલા વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું તથા વિદ્યાર્થીઓના ત્યાગ તથા બલિદાનોની સ્મૃતિ જીવંત રાખવા દર વર્ષે વિશ્વભરમાં ૧૭ નવેમ્બરે વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવે છે. આ દિવસે વિદ્યાર્થીઓના શિક્ષણ માટે મદદ, તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન, બહુ સંસ્કૃતિવાદ (વસુધૈવ કુટુંબકમ્ જેવી ભાવના) ને ઉત્તેજન અને વિદ્યાર્થીઓની જનજાગૃતિના કાર્યક્રમો વિશ્વભરમાં યોજાય છે.

દર વર્ષે દુનિયાભરના દેશોમાં વિદ્યાર્થીઓના વર્કશોપ, સેમિનારો, વ્યાખ્યાનો, અને વર્તમાન યુગને અનુરૂપ વીડિયો કોન્ફરન્સો તથા સોશિયલ મીડિયામાં વિશેષ ઝુંબેશો ચલાવાય છે. ચેક ગણરાજ્ય અને સ્લોવાકિયામાં જાહેર રજા હોય છે.

ચેકોસ્લોવાકિયા માં બનેલી ઘટના અને સામૂહિક સંહાર પછી વર્ષ ૧૯૪૧ માં લંડનમાં એક આંતરરાષ્ટ્રીય કક્ષાનું સંમેલન બોલાવાયું હતું, અને ફાંસીવાદ સામે લડત આપવાનું આહ્વાન કરાયું હતું. તે દરમિયાન નિર્ણય લેવાયો અને ૧૭ મી નવેમ્બરે શહીદ થયેલા વિદ્યાર્થીઓની સ્મૃતિ તથા સંઘર્ષની યાદમાં દર વર્ષે આંતરરાષ્ટ્રીય છાત્ર દિવસ (ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ ડે) ઉજવવાનું નક્કી થયું હતું. તે પછી દર વર્ષે આ ઉજવણી થતી રહી છે.

૧૬ નવેમ્બરઃ નેશનલ પ્રેસ-ડે

દર વર્ષે ૧૬ નવેમ્બરે રાષ્ટ્રીય પ્રેસ દિવસ ઉજવાય છે. ભારતમાં સ્વતંત્ર અને જવાબદાર પ્રેસ મીડિયાના થીમને કેન્દ્રમાં રાખીને આ ઉજવણી થાય છે. આ દિવસે જ ભારતીય પ્રેસ પરિષદ એટલે કે પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની સ્થાપના થઈ હતી. આ કાઉન્સિલને મીડિયા વોચડોગ પણ કહે છે. વર્ષ ૧૯૬૬ ની ૧૬ મી નવેમ્બરથી આ કાઉન્સિલ કાર્યરત થઈ હતી. ભારતના બંધારણમાં અનુચ્છેદ ૧૯ માં ભારતીયોને અભિવ્યક્તિની આઝાદી અપાઈ છે, જે અંતર્ગત ભારતીય પ્રેસ-મીડિયાની સ્વતંત્ર અને બંધારણીય સંસ્થા પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા કામ કરી રહી છે, જેની કેટલીક નૈતિક અને સંવૈધાનિક જવાબદારીઓ પણ છે.

જો કે, આંતરરાષ્ટ્રીય પત્રકારિત્વ સ્વતંત્રતા દિવસ દર વર્ષે ત્રીજી મે ના દિવસે મનાવાય છે. વર્ષ ૧૯૯૧ માં યુનેસ્કો અને સંયુક્ત રાષ્ટ્રના 'જનસૂચના વિભાગ' એટલે કે પબ્લિક રિલેશન્સ ડિપાર્ટમેન્ટ દ્વારા આ ઉજવણી વર્ષ ૧૯૯૧ થી થઈ રહી છે.

એ પહેલા અંગ્રેજ સલ્તનતના શાસન હેઠળ વર્ષ ૧૮૯૮ માં દેશી પ્રેસ અધિનિયમ પસાર કરવામાં આવ્યો હતો, જે ભારતીય ભાષાઓમાં પ્રસિદ્ધ થતી પત્રિકાઓ તથા અખબારો પર નિયંત્રણ રાખતા હતાં. રેડિયો તો સરકારના નિયંત્રણ હેઠળ જ

હતો, પરંતુ આઝાદી પહેલા ભારતમાં પ્રેસની સ્વતંત્રતા પણ અંકુસિત હતી અને આ અધિનિયમને ભારતીય સ્વાતંત્ર્ય ચળવળના સમાચારોને દબાવી દેવા માટે ભરપૂર ઉપયોગ (દુરૂપયોગ) થયો હતો, અને સેંકડો અખબારો-લઘુ અખબારો બંધ કરાવાયા અને પ્રેસ જપ્ત કરાયા હતાં.

આઝાદી પછી બંધારણે વાણી સ્વાંચ્યનો અધિકાર આપ્યા પછી પ્રેસ સ્વતંત્ર થયું અને તે પછી વર્ષ ૧૯૬૬ માં પ્રેસ-મીડિયાની સ્વતંત્રતા તથા બંધારણીય જવાબદારીઓના નિર્વહન માટે પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની સ્થાપના થઈ હતી, જેને અનુલક્ષીને આજે થઈ રહેલી ઉજવણી દરમિયાન કેટલાક વિશિષ્ટ એવોર્ડ તથા પુરસ્કારો પણ અપાતા હોય છે.

છોકરા છોકરીના સંબંધ માટે મળવાનું થાય, નક્કી થાય એમાં સંસ્કાર મહત્વનો ભાગ ભજવે

માં બાપને દીકરીઓની ચિંતા વધુ હોય છે. એમાંય દીકરી બે થી વધુ હોય ત્યારે તો ખાસ, દિલીપભાઈ અને હેમા બહેનને ચાર દીકરીઓ હતી. મોટી બે ના લગ્ન તો બહુ જ સરસ રીતે સંપન્ન થઇ ગયા હતા. હવે નાની બે ના લગ્ન બાકી હતા . છાયા મોટી અને માયા નાની . માયા બહુ જ રૂપાળી ,કોઈ એને જોવે એટલે તરત ગમી જાય. પણ પહેલા તો મોટી નું નક્કી કરવાનું હોય એટલે નાની માયાને દૂર રાખવી પડે કારણ કે થતું હતું એવું કે જ્યારે કોઈ છાયા ને જોવા આવે અને એ સમયે માયા પણ ત્યાં હોય તો એ લોકો કહે કે અમને તમારી નાની દીકરી માયા વધુ પસંદ છે અમારા દીકરાને પહેલી નજરે એ માયાની માયા લાગી ગઈ છે , અને છાયા ના માતાપિતા કહે કે ક્ષમા કરશો પણ અત્યારે માયા ના લગ્ન નો વિચાર નથી , મોટી માટે વિચાર હોય તો કહેજો. અને એ પછી કદાચ કોઈ પછી એમ કહે કે તમારી મોટી માટે મારા દીકરાને વાંધો નથી તો છાયા ના પાડી દે અને કહે મારે બીજી પરાણે પસંદ નથી બનવું. આમ છાયાની વાત ઠેલાતી જાય.

છાયા બહુ જ શાંત અને સરળ હતી. આમ થોડી શ્યામ પણ નમણી , માયા એકદમ ગોરી અને જોરથી હસે તો ચહેરો લાલ થઈ જાય. એનું સ્મિત કોઈને પણ મોહી લે. આંખ નશીલી એટલે કોઈ પણ મોહી જાય . શાંત અને સરળ જરાય નહિ ,જીદ્દી પણ ખરી અને ગુસ્સો જરાકમાં આવી જાય. આપણી ભાષામાં કહીએ તો છટક , બહારના કોઈને ક્યાંથી ખબર હોય . કોઈ દૂર દેશાવર થી જોવા આવ્યું હોય એને તો આ ખબર જ ન હોય. એ માયાને પસંદ કરી લે છાયાની કઈ ખબર હોય જ નહિ. ત્યાં નજીકના તો બધા ઓળખતા હોય એટલે ત્યાં કોઈ વાત લાવે જ નહિ. આવા કિસ્સા બનતા ગયા કે છાયા ને જોવા આવ્યા હોય , માયા ગમી જાય અને અંતે વાતનું ફીંડલું વળી જાય. એ પછી તો માં બાપે જ્યારે કોઈ છાયાને જોવા આવે ત્યારે માયા ને દૂર જ રાખે અથવા જોવાનું જ બીજે રાખે.

એવું જ થયું જ્યારે રોહિત છેક મુંબઈથી છાયા ને જોવા આવ્યો. છાયાના ભાભી છેક મુંબઈ જઈ રોહિત ના ઘેર એમના મા બાપને મળવા ગયા હતા. એક નો એક દીકરો, બહુ જ સરસ વેપાર હતો અને રોહિત દેખાવડો પણ ખરો , શાંત સરળ અને સમાધાન વૃત્તિ વાળો , પૈસો પુષ્કળ હતો પણ અભિમાન જરાય નહિ. કોઈ ખોટા ખર્ચા નહીં. હા કપડા નો શોખીન એટલે એમાં પુરા પૈસા નાખે, ખાવાનો શોખીન એટલે એ પણ શોખ ખરા, કંજૂસ જરાય નહિ એ સાથે ઉડાઉ પણ નહિ. જે ખર્ચો કરવાની જરૂરી હોય એ કરવાના પણ વેડફવાના નહિ. એના માં બાપ કહે કે રોહિત તું દેશ માં જઈ આવ અને જોઈ આવ. (સૌરાષ્ટ્ર ના માણસો મુંબઈમાં રહે અને વતનમાં આવવાનું હોય ત્યારે "દેશમાં જવાનું છે" એમ કહેતા. રોહિત આ ઝાકિત તો ખરો જ. એણે તૈયારી બતાવી , રાજકોટ સુધી ફ્લાઈટ જતી હતી અને ત્યાંથી એમના માસીના દીકરા સાથે વતન જઈ શકાય એટલે એમ ગોઠવ્યું. છાયા ના માતા પિતા ને જાણ કરી દીધી કે રોહિત આવે છે. રાજકોટ એરપોર્ટ રોહિતના માસીનો નો દીકરો દિલીપ ઊભો જ હતો. એ રોહિત ને લઇ ઘેર ગયો, માસી ને ચરણ સ્પર્શ કર્યા , માસીએ કહ્યું કે તું જેને જોવા જાય છે એ કન્યા બહુ સરસ છે ,તાર સ્વભાવ ને અને તારી માં ના તારા પરિવારને અનુકૂળ છે. એ પછી એ લોકો નીકળ્યા જામનગર જવા. દિલીપભાઈ હેમા બહેન ને માસીએ જાણ કરી દીધી હતી કે દિલીપ રોહિતને લઈને નીકળ્યો છે. જામનગરમાં મળવાનું સ્થળ નક્કી હતું.ત્યાં ભેગા થયા અને દિલીપભાઈ ના મિત્રના બંગલે મળવાનું નક્કી હતું ત્યાં ગયા , છાયા સરસ તૈયાર થઈને બેઠી હતી. બહુ જ મજાની લાગતી હતી. એના મમ્મી પપ્પા એ બહારના રૂમમાં રોહિતને આવકાર્યો ત્યારે છાયાએ એને જોયો અને થોડી નિરાશ થઇ ગઈ, એને થયું કે કેટલો રૂપાળો છે ,કેટલું સરસ નમસ્તે કરી સ્મિત આપે છે. વિવેકી નમ્ર છે અને એકદમ સ્માર્ટ દેખાવડો અને ઉંચાઈ પણ મારા કરતા વધારે છે. એની સામે હું કાંઈ જ નથી, આ મને પસંદ કરે જ નહિ. થોડી જ વારમાં એ બધા બેઠક ખંડમાં આવીને બેઠા ,પહેલા એ ઘરની એક દીકરીએ પાણી આપ્યું , અને પછી એણે બારણાં પાસે જઈ કહ્યું કે છાયા દીદી ને લઈને આવો , છાયા આવી હાથમાં રહા નાસ્તા ની ટ્રે લઈને, એ ગભરાયેલી હતી. રોહિતે જોયું કે એ કાંઈક ગભરાટમાં છે, સ હેજ હાથ ધ્રૂજે છે. એના કપાળે સહેજ પરસેવો છે. છાયા ટ્રે મૂકીને બેઠી, રોહિતે નમસ્તે કહ્યું અને છાયાએ સામે બીતાં બીતાં નમસ્તે કહ્યું, એને કોણ જાણે મનમાં એમ થયું હતું કે આ ફરી માયા ને યોગ્ય છે, મને ના જ પાડશે . અને હવે જો એ થયું તો હું સ્વીકારી લઈશ કે હું કદરૂપી અને નક્કામી છું એટલે મારૂં ક્યાંય નહિ થાય , હું આજીવન અપરિણીત રહીશ. આ પછી છોકરા જોવાનું બંધ. એ વિચારતી હતી અને હેમા બહેન બોલ્યા કે આ લોકોને અંદરના રૂમમાં લઇ જ ત્યાં વાત કરશે. એ લોકો અંદર જઈને બેઠા, છાયા હજી ભીતરથી ભીની હતી એમ હતું કે હમણાં આંસુ આંખથી ટપકી પડશે. એ મોઢું નીચું રાખીને ઊંચી આંખથી રોહિત ને જોઈ રહી હતી . રોહિત બોલ્યો કે "જુઓ હું તમને પસંદ છું કે નહિ એ તો મને ખબર નથી અને એ બાબતે હું બહુ વિચારતો જ નથી. પણ હું એક વાત સ્પષ્ટ કહી દઉં કે ..... આટલે એ અટક્યો અને છાયા એ આંખ બંધ કરી મનમાં બોલવા માંડ્યું કે "મને તમે પસંદ નથી" ત્યાં રોહિત બોલ્યો કે "મારે તમને કોઈ સવાલ પૂછવા નથી એટલું જ કહેવું છે કે....." છાયા મનમાં બોલી કે ના પાડી દે ને એટલે પત્યું " રોહિત બોલ્યો "મને તમે પસંદ છો, તમારૂં શું કહેવું છે?" છાયા એ એની સામે જોયું એ ભાવથી કે મેં જે સાંભળ્યું એ સાચું છે? રોહિતે માત્ર ડોકું હલાવી કહ્યું હા , તમે જે સાંભળ્યું એ જ હું બોલ્યો. "એ પછી બન્ને એ ઘણી વાતો કરી. અને બસ છાયા એકદમ મૂડમાં આવી ગઈ. બહાર નીકળ્યા અને બન્ને ના શરમના શેરડા પડતા લાલ ચહેરા જોઈ વડીલો સમજી ગયા કે ગોઠવાઈ ગયું. તરત અરસપરસ મોઢું મીઠું કરાવ્યું. રોહિત દિલીપ નાસ્તો કરી નીકળતા હતા ત્યારે હેમા બહેને પૂછ્યું કે રાજકોટ માસીને ત્યાં રોકાવાના છો? રોહિતે કહ્યું કે હા રવિવાર સુધી છું, સોમવારે સવારે નીકળીશ મુંબઈ જવા. . એ લોકોના ગયા પછી છાયા પપ્પાના ખભે માથું નાખી રોવા માંડી. પપ્પા કહે "બેટા ભગવાને તારા માટે સારૂં જ વિચાર્યું હશે.

હેમા બહેને રાજકોટ રોહિતના માસીને ફોન કર્યો અને રવિવારે સવારે જમવા આવવા આમંત્રણ આપ્યું. માસીએ સ્વીકાર્યું. એ લોકો ગયા , માસ માસી, દિલીપ અને રોહિત, હવે તો સીધું દિલીપભાઈ હેમા બહેનના ઘરે જ જવાનું હતું. ત્યાં ગયા, બધાએ પ્રેમથી આવકાર્યા. માયા તો રોહિત ને આંખો ફાડીને જોવા લાગી અને વિચારવા લાગી કે "આટલો રૂપાળો હેન્ડસમ છોકરો છાયાને મળી ગયો? હું એને હમણાં લપેટમાં લઉં , એનેય એમ થશે કે મેં છાયા માટે હા ક્યાં પાડી , આ માયા ક્યાં હતી? એણે મારકણું સ્મિત આપી નમસ્તે કર્યું , હેમા બહેન કહે કે આ અમારી નાની દીકરી. રોહિત કહે ઓહ સરસ, એ પછી રોહિતે એની સામે જોયું જ નહિ.. ભાવ આપ્યો જ નહિ. એ છાયા સાથે જ બેઠો, છાયા એ ધીમે થી પૂછ્યું મારી બહેન કેવી લાગી ? રોહિત કહે કે સારી છે પણ મેં તમને પસંદ કર્યા છે પછી કોઈ અપ્સરા આવે તોય હું ડગું નહિ. મા-બાપને દીકરી ખુશ રહે એ ગમે , એ એમાં રાજી હોય હું એમનો અને તમારો રાજીપો તોડું એવો નથી. એ સુંદર હશે તો એને ઠેકાણે, એના માટે કોઈ હશે. મને મારૂં ગમતું પાત્ર મળી ગયું બસ. મારા મા-બાપે મને શીખવ્યું છે કે તું કોઈની દીકરી જોવા જાય છે, માં બાપ નો આત્મા એમાં હોય છે, એમને દુઃખ થાય એવું કંઈ ન કરતો , ન પસંદ પડે તો પછી કહીશ એમ સ્મિત સાથે કહીને આવજે. સંબંધ અગત્યનો છે. ફરી મળીયે તો હસીને મળીયે એમ રાખજે, તમારામાં કોઈ ખામી નથી એ જોઈ લીધું. બસ.

એ લોકોના ગયા પછી માયાએ ઘણો બળાપો કાઢ્યો . ગુસ્સે પણ થઈ. લગ્ન પણ થઈ ગયા રોહિત છાયા ખુશખુશાલ જીવી રહ્યા છે અને માં બાપ ને તો વહુ નહિ દીકરી મળ્યાનો આનંદ થયો એવું છાયા સાચવતી હતી એટલે સાસુ સસરા પણ વધુ સાચવતા.

આ વાત સત્ય ઘટના પર આધારિત છે. વ્યક્તિ અને શહેરના નામ બધા અલગ છે.

હરેશ ભટ્ટ

સંવેદના

Samvedna@nobatsangat.com

દોટ ડાહ્યાની સલાહ ન માનવી

બેરોજગારી એટલી બધી વધી ગઈ છે કે લોકો પાસે કામ જ નથી. સલાહ દેવાનું કામ બચ્યું છે.

મારૂં માનો તો... કહીને તમારી વાતમાં વચ્ચે આખલો અચાનક ટીક મારે એમ ઘુસે એ વણમાગ્યો સલાહવીર.

હમણાં મહારાષ્ટ્ર સરકારમાં પ્રચાર કાર્ય જોર શોરમાં છે. ચૂંટણી લડતા નેતા લોકોને જેટલી ચિંતા નથી તેટલી ચિંતા નવરીબજારમાં વ્યસ્ત લોકોને છે.

હજી તો તમે વાતની શરૂઆત કરો કે મહારાષ્ટ્ર સરકાર... ત્યાં તો ગમે તેમ કરી અને વચ્ચે ઘુસી અને સલાહ દેવાનું શરૂ કરે.' ઉદ્ધવ ઠાકરે એ હું કહું તે રીતે પગલાં લેવા જોઈએ. બધું સમુસુતડરૂ પાર પડી જાય'. પવાર સાહેબ મારુ માને તો...' અરે ભાઈ તારૂં તારા ઘરના માનતા નથી. તું ભીંડાના શાકની ડીમાન્ડ મૂકે છે અને દાઘારિંગી બૈરી દૂધીનું બટકાવે છે. પવા